ચિલોડા વિસ્તારમાં લગ્નસરાની મોસમ પૂરબહારમાં ખીલી ઉઠી

ડેકોરેટર્સ, કેટરર્સ તથા લગ્ન મંડપોના ઓર્ડરો હાઉસફૂલ

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

કારતક માગસરથી લગ્નોત્સવ ધુમધામથી લગ્નઈચ્છકો તથા નવદંપતિમાં કંઈક અનેરો ઉમંગ વર્તાઈ રહ્યો છે. ઠેર ઠેર સુશોભિત વિશાળ લગ્નમંડપો, વરઘોડા, ડેકોરેશન, કેટરર્સ, ઢોલી, બેન્ડવાજા વગેરેની ભારે માંગ પ્રવર્તી રહી છે. લગ્નઈચ્છકો, નવદંપતિના માતા પિતા, સ્નેહીજનો, મિત્ર મંડળ, જ્ઞાતિબંધુઓ લગ્નોમાં ખૂબ જ ઉત્સાહભેર લગ્ન ઉત્સવ માણી રહ્યા છે. ઠંડીની ખુશનુમા વાતાવરણ લગ્નના શરણાઈના સુર, લગ્નગીતો, લગ્ન સમારંભો, સત્કાર સમારંભો, લગ્ન પરિધાન વસ્ત્રો ધારણ કરી લગ્નસરાની મોસમ માણી રહ્યા છે. પરિણામે પાર્ટી પ્લોટો, લગ્ન મંડપો તથા અન્ય લગ્નસંબંધી ચીજવસ્તુની માંગ અને ઓર્ડરોનું બુકીંગ થતાં હાઉસફૂલથી હવે રાત્રે રીસ્પેશનનો ઝગમગાટ સાથે લગ્ન ઈચ્છકોમાં ભારે ઉમંગ સાથે ચિંતાજનક મોજું જણાઈ આવે છે.

પાટનગરમાં શિયાળો હજુ જામતો નથી ૨૪ કલાક દરમ્યાન તાપમાનમાં ભારે ફેરફારો

ઠંડીમાં ઉપયોગી ચીજ-વસ્તુઓના વેચાણમાં પણ નરમાઈ, કડકડતી ઠંડીની જરૂરિયાત

ગાંધીનગર, તા. ૫

શરદપૂર્ણિમાના દિવસથી શિયાળાની ઋતુનો પ્રારંભ થઈ જતો હોયછે. ઓકટોમ્બર માસથી શરૂ થયેલ શિયાળાના પગરવ હજુ સુધી મધ્યમાં પણ ન પહોંચ્યા હોય તેવી સ્થિતિ હાલના વાતાવરણ ઉપરથી લાગી રહી છે. પાટનગરમાં શિયાળાને અઢી માસ જેવો સમય વિતી ગયો હોવા છતાં જામ્યો નથી. ૨૪ કલાક દરમ્યાન હાલ તાપમાનમાં અનેક ઉતાર-ચઢાવ રહેતા ગરમી-ઠંડીના મિશ્ર હવામાનનો અનુભવ લોકો કરી રહ્યા છે. જેથી શિયાળાની મજા મેળવતા લોકોમાં હજૂ સ્ફૂર્તિનો અભાવ વર્તાઈ રહ્યો છે.

સૌથી શ્રેષ્ઠત્તમ શિયાળો હજુ પણ તેની શ્રેષ્ઠતા પ્રદર્શિત નથી કરી રહ્યો જેથી ઠંડીની મજા માણતા લોકોમાં નિરાશા દેખાઈ રહી છે. હાલમાં દિવસ અને રાતે એમ બે ઋતુનો અહેસાસ શરીર ઉપર થઈ રહ્યો છે. જેથી શિયાળામાં તંદુરસ્ત રહેવા કરવાના પ્રયાસો અવળા પડી રહ્યા છે. ૨૪ કલાક દરમ્યાન પાટનગરમાં તાપમાનમાં અનેક ઉતાર-ચઢાવ થઈ રહ્યા છે જેથી ઠંડી અને ગરમીનો મિશ્ર અનુભવ લોકો કરી રહ્યા છે.

શિયાળાની ફૂલગુલાબી ઠંડી અને કડકડતી ઠંડી વચ્ચે અત્યારે અબોલા થયા હોય તેમ વહેલી પરોઢે અને રાત્રીએ ઠંડીનો અહેસાસ થાય છે. જ્યારે કડકડતી ઠંડીની હજુ શરૂઆત પણ થઈ નથી જેથી ઠંડીમાં વેચાણ થતા વસાણા તથા અન્ય ચિજવસ્તુઓ જેમના તેમ સ્થિતિમાં પડી રહ્યા છે. જો કે સામાન્યતઃ કેટલાક લોકો અગમચેતી મુજબ ખરીદી કરતા હોવાથી સામાન્ય ગરાકી જોવા મળી રહી છે.

શિયાળામાં જોગીંગ, વોકીંગ અને રનીંગ માટે લોકો વધુ ઉત્સાહી હોય છે. પરંતુ ઠંડીના અભાવે આ પ્રકીયા પણ ખોરંભે પડી છે. ઘઉં માટે જરૂરી કડકડતી ઠંડી શરૂ ન થતાં ખેડૂત વસ્ત્રો તથા લીલા શાકભાજીના વેચાણમાં ઉછાળો દેખાતો નથી. શરીર ઉપર થતી ઠંડીની અસરો સામે રક્ષણ આપતી ચીજવસ્તુઓનો વેપાર પણ હાલ મંદીમાં સપડાયો છે. આમ સૌ કોઈ શિયાળાને પોતાનો અસલી મિજાજમાં જોવા તત્પર બન્યા છે.

ચિલોડા સર્કલ પાસેથી શંકાસ્પદ બે મહિલાઓ ઝડપાઈ

ચિલોડા પોલીસે બન્નેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

ગાંધીનગર, તા. ૫

ચિલોડા સર્કલ પાસેના ભરચક વિસ્તારમાંથી ચિલોડા પોલીસે આજે શકમંદ જેવી દેખાતી બે મહિલાઓને

ઝડપી પાડી હતી અને તેની અટકાયત કરી આ બન્ને સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર નજીક આવેલ ચિલોડા સર્કલની આસપાસ સવાર-સાંજ લોકોની ભારે અવરજવર રહે છે. આસપાસના તાલુકા તરફ જતા વાહનો પણ ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈવે પર થઈ પસાર થાય છે. જેથી મુસાફરોની સંખ્યા પણ મોટી સંખ્યામાં જોવા મળે છે. ભીડભાડનો લાભ લઈ મહિલાઓના પાકીટ દાગીનાની ચોરીના ઈરાદે ફરતી કેટલી મહિલાઓની ગેંગ પણ આ ભીડમાં જોવા મળતી હોય છે. ત્યારે આજે ચિલોડા સર્કલ પાસે આંટાફેરા મારતી બે મહિલાઓ પર ચિલોડા પોલીસને શંકા જતા તેમની પુછપરછ કરી હતી પરંતુ તેમની વાતો પોલીસને ગળે ન ઉતરતા પોલીસ આ બન્ને મહિલાઓને પોલીસ સ્ટેશન લઈ આવી હતી અને તેમની વધુ પુછપરછ કરતાં પોપાબેન રમેશભાઈ રાયસી ઉં.વ. ૪૫ તથા ગીતાબેન સુરેશભાઈ ઉ.વ. ૪૦ (બંને રહે. છારાનગર, નરોડા, અમદાવાદ) હોવાનું માલુમ પડ્યું હતું. ચિલોડા પોલીસે બન્નેની અટકાયત કરી તેમના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ચિલોડા નજીક બે ગઠીયા આધેડની કાનની બુટ્ટી અને રોકડ સેરવી ગયા

૩. ૫૦૦ની નોટના બનાવટી બંડલ ઉપર કેફી પદાર્થ લગાવી આધેડને સુંઘાડ્યા બાદ લૂંટી લીધા

ગાંધીનગર, તા. ૫

ચિલોડા-દહેગામ માર્ગ પર નાગરિકોને કેફી પદાર્થ સુંઘાડી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમની લૂંટ ચલાવતી ગઠીયા ગેંગ સક્રીય થઈ છે. રીક્ષા લઈ ફરતી આ ગઠીયા ગેંગે આજે એક આધેડને શિકાર બનાવી ૧૨ ગ્રામની સોનાની બુટ્ટી અને ૧ હજાર રોકડા મળી કુલ આશરે ૪૦ હજારનો મુદ્દામાલ ઉપર ગઠીયા કળા કરી હતા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લાના ચિલોડા-દહેગામ માર્ગ પર છેલ્લા ઘણા સમયથી એક ગઠીયા ગેંગ સક્રીય થઈ છે અને આનો વધુ એક કિસ્સો બનવા પામ્યો હતો. ચિલોડા-દહેગામ માર્ગ પર બપોરના સમયે ચિલોડા ગામના ૫૦ વર્ષીય અમરાજી બબાજી ઠાકોર નજીક આવેલા પોતાના ખેતરમાં ગયા હતા અને થોડીવાર બાદમાં ખેતરથી પરત ચાલતા ઘર તરફ જવા રવાના થયા હતા. દરમિયાન એક ગઠીયો એક કવરમાં નકલી રૂ. ૫ હજારનું બંડલ લઈ અમરાજી જોડે ગયો હતો અને રૂ. પાંચનું બંડલ બતાવી બંડલ અસલી છે તેમ કહી સુંઘવા આપ્યું હતું જેથી ખેડૂત બેભાન થઈ ગયો હતો. બસ આજ સમયે અન્ય એક ગઠીયો રીક્ષામાં સ્થળ પર આવી પહોંચ્યો હતો અને આધેડના કાનમાંથી ૧૨ ગ્રામની સોનાની બુટ્ટી અને રૂ. ૧ હજાર રોકડા મળી આશરે

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

રૂ. ૪૦ હજારનો મુદ્દામાલ લઈ ગઠીયાઓ ફરાર થઈ ગયા હતા. આધેડને દોઢેક કલાક બાદ ભાનમાં આવતા આ સમગ્ર ઘટના અંગે જાણ થઈ હતી. થોડા સમય અગાઉ પણ આજ માર્ગ પર ચિલોડાથી દહેગામ તરફ રીક્ષામાં જતી એક મહિલાને કોઈ ગઠીયા કેફી પદાર્થ સુંઘાડી મહિલાના પગમાંથી ચાંદીના કડા, પાકીટમાં રહેલ રોકડ તથા બે મોબાઈલની લૂંટ થઈ હતી. છેલ્લા બે માસમાં આવી ઉઘાડી લૂંટની ઘટના બનતા લોકોમાં ભયનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. આજે બનેલી આ ઘટના સંદર્ભે કોઈ પોલીસ ફરિયાદ થવા પામી નથી.

આજે નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડ દિવસની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૫

દર વર્ષે દ્દ્દી ડિસેમ્બરને નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડ દિવસ તરીકે પૂરા દેશમાં ધામધૂમથી મનાવવામાં આવે છે ત્યારે ગાંધીનગર નાગરિક સંરક્ષણ કચેરી દ્વારા આજ રોજ સંરક્ષણ અને હોમગાર્ડ દિવસની ઉજવણી કરવામાં આવશે.

કાર્યક્રમ અંતર્ગત સવારે ૯-૦૦ કલાકે ગાંધીનગર ફાયર સ્ટેશન ખાતે ફાયર બ્રિગેડના કર્મચારીઓ, હોમગાર્ડના જવાનો તેમજ ગાંધીનગરના સ્વયંસેવકો હાજર રહેશે. ત્યારબાદ ફાયર સ્ટેશનથી રેલી સ્વરૂપે સે-૭ શોપીંગ સેન્ટરે પહોંચશે જ્યાં ફાયર સેફ્ટીનું જાહેરમાં પ્રદર્શન કરવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં નાગરિક સંરક્ષણના કર્મચારીઓ, વોર્ડનો હાજર રહેશે.

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ બાબાસાહેબને શ્રદ્ધાસુમન અર્પણ કરશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ડૉ. બાબાસાહેબના ૫૭માં નિર્વાણદિન નિમિત્તે આજરોજ સવારે ૯.૦૦ કલાકે શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવશે.

શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશ પટેલની આગેવાનીમાં કાર્યક્રમ યોજવામાં આવશે. જેમાં કોંગ્રેસના વિવિધ મોરચાના આગેવાનો તેમજ યુથ કોંગ્રેસ એન.એસ.યુ.આઈ.ના કાર્યકરો હાજર રહી બાબાસાહેબને શ્રદ્ધાસુમન અર્પણ કરશે.

ડભોડા ખાતે ભારતીય સ્ટેટ બેંકની આધુનિક શાખાનો શુભારંભ

ગ્રામજનોને એ.ટી.એમ. તથા લોકરની સુવિધા ઉપલબ્ધ

ગાંધીનગર તાલુકામાં ગ્રામીણક્ષેત્રે ભારતીય સ્ટેટ બેંકની સૌ પ્રથમ શહેરી સુવિધા જેવી બેંકની નવી શાખાનું ડભોડા ખાતે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. હવે સુવિધાવાળી બેંક ડભોડામાં એ.ટી.એમ., બેંક લોકર તથા અન્ય બેંકિંગ સુવિધાઓનો સીધો લાભ ગ્રામ્ય નાગરિકોને મળશે. આ બેંક શાખાનો લાભ વડોદરા, નવાપુરા, કલ્યાણપુરા,રામનગર બુટાકિયા, વિરા તલાવડી તથા આસપાસના તમામ ગામોને આર્થિક વ્યવહારોની સરળતા પ્રાપ્ત થશે. હવે ગ્રાહકોને પડતી નાણાંકીય નાની-મોટી હાલાકીનો અંત આવી જશે. ગ્રાહકોને સંતોષકારક કામગીરીને પ્રાધાન્ય અપાશે. એમ શાખા મેનેજરે જણાવ્યું હતું. આ પ્રસંગે શાખા મેનેજર રાખેશ રંજન ઉપ મહાપ્રબંધક રાજેશ મિશ્રા, મુખ્ય પ્રબંધક પ્રસાસન એડમિ. જે.કે. તુરી સહાયક મહાપ્રબંધક કુહુ ગાંગાલી તથા ગામના અગ્રણી લલિતભાઈ પટેલ, માજી સરપંચ કનુભાઈ સોલંકી, દિલિપભાઈ પટેલ, ગ્રામ પંચાયતના સભ્યોશ્રી તથા ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ નવી બેંક શાખા-ડભોડા - લવારપુર રોડ ઉપર કાર્યરત થતાં સર્વજનો માટે આવકાર્ય બનશે તેવી લાગણી પ્રવર્તી રહી છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

આજે બસો બ્યાસી વણકર સમાજ પુષ્પાંજલિ કરશે

ગાંધીનગર, તા.૫

બસો બ્યાસી વણકર સમાજ ડૉ. બાબા સાહેબ ના નિર્વાણ દિન નિમિત્તે આજે સવારે ૯-૦૦ કલાકે પ્રેરણાભૂમિ ખાતે બાબાસાહેબની પ્રતિમાને પૂષ્પાંજલિ અર્પણ કરશે. જેમાં વણકર સમાજના હોદેદારો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેશે તેમ મધુકર પરમાર દ્વારા જણાવાયું છે.

ગુજરાત વાલ્મિકી મહાસંઘનો સ્નેહમિલન સમારોહ

ગાંધીનગર, તા.૫

ગુજરાત પ્રદેશ વાલ્મિકી વિકાસ મહાસંઘનો સ્નેહમિલન સમારોહ તા. ૧૫ ડિસેમ્બરના રોજ સવારે ૧૧.૦૦ કલાકે, બ્લોક નં. ૬૦/૩, સે-૧૭ જુના એ મ.એલ.એ. કવાટર્સ ખાતે કનુભાઈ વાઘેલાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવશે. જેમાં તમામ હોદેદારો અને કારોબારી સભ્યોને હાજર રહેવા જણાવાયું છે.

અનુસૂચિત જાતિ એકતા મંચનો પુષ્પાંજલિ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૫

અનુસૂચિત જાતિ એકતા મંચ ગાંધીનગર ડૉ. ભીમરાવ આંબેડકરના ૫૭માં નિર્વાણ દિન નિમિત્તે આજરોજ સવારે ૯.૦૦ કલાકે વિધાનસભા સામે આવેલી બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે જેમાં શહેરીજનોને હાજર રહેવા ડાહ્યાભાઈ સોલંકીએ જણાવ્યું છે.

આદર્શ નિવાસી શાળા નાંદોલનું ગૌરવ

ગાંધીનગર, તા. ૫

તાજેતરમાં જિલ્લા કક્ષાએ ખેલમહાકુંભ ૨૦૧૩ અંતર્ગત ૧૬ વર્ષથી નીચેના ભાઈઓનો જુડોની સ્પર્ધા તા. ૩૦-૧૧-૨૦૧૩ના રોજ જિલ્લા રમત ગમત પ્રશિક્ષણ કેન્દ્ર સેક્ટર-૨૧ ગાંધીનગર ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં શાળાના મછાર અર્જુન ૫૫ કિ.ગ્રામાં પ્રથમ નંબરે, ચૌહાણ અર્જુન ૩૫ કિ.ગ્રામાં પ્રથમ, દેગડા જયેશ ૪૦ કિ.ગ્રામાં પ્રથમ, ધરજીયા સુખદેવ ૩૫ કિ.ગ્રામાં દ્વિતીય સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે. પ્રથમ નંબરે વિજેતા બનેલ સ્પર્ધકો આગામી જૂનાગઢ ખાતે યોજાનાર રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. તમામ સ્પર્ધકોને જિલ્લા નાયબ નિયામકશ્રી ગુરુંગ સાહેબ તેમજ આચાર્ય બી.એસ. બારૈયા સાહેબે અભિનંદન પાઠવ્યા હતા.

કોંગ્રેસ અનુસૂચિત જાતિ ડીપાર્ટમેન્ટ બાબા સાહેબને શ્રધ્ધા સુમન અર્પણ કરશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ અનુસૂચિત જાતિ ડીપાર્ટમેન્ટના ઉપક્રમે બાબા સાહેબ ડૉ. આંબેડકરના નિર્વાણ દિન ૬ ડિસેમ્બર શુકવારે સવારે ૯.૩૦ કલાકે બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરશે. આ કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ આદરણીય જશુભા રાણા અને મહામંત્રીશ્રી અશ્વિનભાઈ બારોટ ઉપસ્થિત રહીને શ્રધ્ધા સુમન અર્પણ કરશે. જેમાં જિલ્લાના સર્વે આગેવાન કોંગ્રેસી કાર્યકર ભાઈ-બહેનોને ઉપસ્થિત રહેવા ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ અનુસૂચિત જાતિના ચેરમેન રમેશચંદ્ર પરમારે જણાવ્યું છે.

સમસ્ત પ્રજાપતિ સમાજનો ૨૧મો યુવા મેળો

ગાંધીનગર, તા. ૫

સમસ્ત ગુજરાત પ્રજાપતિ યુવક મંડળ અમદાવાદ દ્વારા ૨૧મો પ્રજાપતિ પસંદગી મેળો તા. ૫ જાન્યુઆરીના રોજ માધવ ફાર્મ એસ.પી. રિંગરોડ વસ્ત્રાલ, અમદાવાદ ખાતે યોજવામાં આવશે. જેમાં લગ્નોત્સુક યુવક-યુવતિઓએ પોતાના ફોર્મ તા. ૧૦ ડિસેમ્બર સુધી ભરવા તેમજ વધુ વિગત માટે ૮૧૪૧૭૦૨૦૨૦ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

રોહિદાસ સેવા સમાજ પુષ્પાંજલિ આપશે

ગાંધીનગર, તા. ૫

બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબના ૫૭મો મહાપરિ નિર્વાણ દિન નિમિત્તે આજ રોજ વિધાનસભા સંકુલ સામે આવેલી બાબા સાહેબની પ્રતિમાને સંત રોહિતદાસ સેવા સમાજ ગુજરાત, ગાંધીનગર દ્વારા શ્રદ્ધાસુમન પુષ્પાંજલિ આપવામાં આવશે. તેમ સંસ્થાના પ્રમુખ અનિલ પરમાર અને મંત્રી કે.આર. પટેલ દ્વારા જણાવ્યું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૦
સૂર્યાસ્ત : ૫.૫૬

તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૬.૮ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૫૪ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ધ હંગર ગેમ: કેચિંગ ફેરી (હિન્દી) : ૯.૪૦, ૩.૪૦, ૯.૪૦

કલબ-૬૦ : ૧૨.૪૦

હેપ્પી ફેમીલીયા પ્રા.લિ. : ૬.૪૦

: સ્ક્રીન-૨ :

આર. રાજકુમાર : ૯.૫૫, ૧૨.૫૫, ૩.૫૫, ૬.૫૫, ૯.૫૫

: સ્ક્રીન-૩ :

આર. રાજકુમાર : ૯.૧૦, ૧૨.૧૦, ૩.૧૦, ૬.૧૦, ૯.૧૦

: સ્ક્રીન-૪ :

આર. રાજકુમાર : ૧૦.૪૦, ૧૦.૪૦

રામલીલા : ૧.૪૦, ૭.૪૦

બુલેટ રાજા : ૪.૪૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :

આર. રાજકુમાર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

બુલેટ રાજા : ૧.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

રામલીલા : ૪.૦૦

મૂર્યા, વાવોલ

આર. રાજકુમાર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

બૂલેટ રાજા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

રામલીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

વિરાગ, કલોલગ, કલોલ

ઠાકોરની લોહીભીની ચૂંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું.

મિથુન : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

કર્ક : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપા રમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

સિંહ : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

કન્યા : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

તુલા : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શકયતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

ધન : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે.

મકર : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરશો.

કુંભ : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

મીન : સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

ચિરવિદાય

- સ્વ. પુરસોત્તમદાસ હિંમતલાલ યાજ્ઞનિક (ઉ.વ. ૮૮) મુ.પો. વાસણિયા મહાદેવ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. તનુબેન કલ્યાણભાઈ પટેલ(ઉ.વ. ૮૩) પ્લોટ નં. ૧૧૦૪/૨, સેકટર-૬/સી, ગાંધીનગર.
- સ્વ. કનુજી રણછોડજી રાણા (ઉ.વ. ૬૫) આદિવાડા, મકવાણાવાસ, સેકટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. રણછોડજી ભીખાજી ઠાકોર(ઉ.વ. ૭૦) મુ.પો. પુદ્રાસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. અજીતરાય હરશંકર જોશીપુરા(ઉ.વ. ૮૮) પ્લોટ નં. ૧૦૦૫/૨, સેકટર-૭/સી, ગાંધીનગર.